"Lion@૨૦૪૭: પ્રોજેક્ટ લાયન "ભારતની અસ્મિતા, ગુજરાતનો સાવજ"

ગીર સોમનાથ,

ગીરના સિંહ રાજ્ય માટે કિંમતી જણસ છે જેનું સંવર્ધન અને રક્ષણ કરવું પણ અનિવાર્ય છે. ગીરના સિંહની ડણક હવે જંગલ વિસ્તારની બહાર પણ સંભળાય છે અને એટલા માટે જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લિડરશીપ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના નિર્દેશન અનુસાર સાસણ ગીર સિંહ સદન ખાતે 'પ્રોજેક્ટ લાયન' અંગેની કમિટી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એશિયાટીક સિંહોના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરવા ઉપરાંત જે નવા વિસ્તારોમાં સિંહે પોતાના નવા રહેઠાંણ બનાવ્યા છે તેવા વિસ્તારોને ઓળખી અને તે વિસ્તારમાં તેને અનુકૂળ પર્યાવરણ ઉભુ કરવા સુવિધાઓ વિકસાવાશે.

ગીર જંગલમાં સિંહોની વસ્તી વર્ષ ૨૦૧૫માં ૫૨૩ હતી. જે વર્ષ ૨૦૨૦માં પંચવર્ષીય ગણતરી મુજબ વધીને ૬૭૪ થઈ છે. જે રીતે આસામમાં પ્રોજેક્ટ એલીફન્ટ, બંગાળમાં પ્રોજેક્ટ ટાઈગર અને ઉત્તર ભારતના જંગલોમાં પ્રોજેક્ટ રાઈનોઝ અમલમાં છે તે રીતે સૌરાષ્ટ્રના ગીર જંગલમાં વિશ્વવિખ્યાત એશિયાટિક સિંહ ગીરના જંગલ વિસ્તારની બહાર પણ એશિયાઈ સિંહો વસવાટ કરે અને તેમનું સંવર્ધન અને સંરક્ષણ કરવું પણ જરૂરી બને એવા શુભહેતુસર પ્રોજેક્ટ લાયન તૈયાર કરવામાં આવ્યો છે.

સમગ્ર ગુજરાતની શાન સમા સિંહો આસાનની શોધમાં સતત વિસ્તારનો વધારો કરી રહ્યાં છે. જ્યાં હવે સાવરકુંડલા અને મોટા લિલિયા જેવા ક્ષેત્રમાં સિંહ દેખા દે છે. આ સિંહના સંરક્ષણ-સંવર્ધન સહિતની કામગીરી માટે આવતા ૧૦ વર્ષ સુધીમાં અંદાજીત ૨૮૨૭.૭૧ કરોડના ખર્ચે 'પ્રોજેક્ટ લાયન' અંતર્ગત સિંહોના સંવર્ધન માટે વિવિધ માળખાકિય સુવિધાઓ ઉપરાંત લાયન સેલ, વાઈલ્ડલાઈફ રિસિઝ ડાયગ્નોસ્ટિક રિસર્ચ એન્ડ રેફરલ સેન્ટર, કેટલીકાવર સિંહો અકસ્માતે મૃત્યુ પામે છે તો આવી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સુરક્ષાનું માળખું વધુ સુદ્રઢ કરાશે.

ઉપરાંત નેશનલ સ્ટિયરિંગ કમિટી ચેરમેન શ્રી ડૉ.એસ.પી.યાદવ દ્વારા શીર્ષ અધિકારીશ્રીઓને પ્રોજેક્ટ લાયન અંતર્ગત સિંહોને જે પ્રકારનો રહેણાંક વિસ્તાર પસંદ છે તે અનુસાર નિયમ મુજબ વન વિભાગના વિસ્તારનો વિકાસ, વન્યપ્રાણીઓના જળસ્રોત વગેરે ઉભા કરાશે તે અંગે જ્ઞાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત આસિ.ઈન્સ્પેક્ટર જનરલ ઓફ ફોરેસ્ટ ડૉ.વીરજ મિત્તલ અને નાયબ વન સંરક્ષકશ્રી મોહન રામ દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી ઈકો ટૂરિઝમ, સ્થાનિક લોકો માટે રોજગાર, સ્થાનિક સંસ્કૃતિ, સંવર્ધન માટે 'સિંહ મિત્ર', વીડી મેનેજમેન્ટ, સિંહ સન્માન રાશિ, સર્વે કરી બાયપાસ બનાવવા, નોઈઝ પોલ્યુશન, લાઈટ પોલ્યુશન વગેરે જેવા મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી.

પ્રોજેક્ટ લાયન હેઠળ અવેરનેસ અંતર્ગત માનવજીવન અને વન્યપ્રાણીઓ પૂરક બને તેમજ સિંહનું સંવર્ધન શા માટે જરૂરી છે તેની પણ વિવિધ સેમિનાર વડે લોકોને સમજ આપવામાં આવશે અને બાયોડાયવર્સિટી કન્ઝર્વેશન, વાઈલ્ડલાઈફ હેલ્થ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ, વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત નાણાંકિય પ્લાનિંગ, ઈકો ટૂરિઝમ, ગ્રીન મોબિલિટી, એલિવેટેડ કોરિડોર સહિત અપાર શકવતાઓને આકાર અપાશે.

અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રી એન.શ્રીવાસ્તવના જણાવ્યાનુસાર, એશિયાટીક સિંહો સતત નવા નવા વિસ્તારમાં આવાસ શોધી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ કેન્દ્ર સરકાર પ્રોજેક્ટ લાયન- 'લાયનજ૨૦૪૭: અ વિઝન ફોર અમૃતકાલ' હેઠળ આ સિંહો માટે નવો રહેણાંક વિસ્તાર જ્યાં તેઓ વારંવાર દેખા દે છે તેમને પણ વધુ માળખાગત સુવિધાઓથી સજ્જ કરવા અને જળસ્રોત ઉભા કરવા અને કુદરતી વિસ્તાર સમાન રહેણાંક વિસ્તાર પસંદ કરવા વગેરે માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમજ વિવિધ સ્થાનિક વિભાગો અને જનભાગીદારીથી જરૂરી પ્રક્રિયાઓ હાથ ધરી ગીર જંગલ સિવાયનો વિસ્તાર પણ સિંહોનો કાયદેસરનો વિસ્તાર બનશે.

આ ઉપરાંત જૂનાગઢ વન્યપ્રાણી વર્તુળના મુખ્ય વન સંરક્ષક શ્રી આરાધના સાહુએ હાલ સિંહના સંવર્ધન અંગે ચાલી રહેલી કામગીરી તેમજ સિંહના રહેઠાણના વિસ્તારો સહિત લાયન લેન્ડસ્કેપ, લાયન સફારી, ડિઝાસ્ટર સમયે વાઈલ્ડલાઈફ એક્ટિવિટી, ટ્રેકર્સ, વૉચટાવર્સ સહિતની સંબંધિત માહિતી આપી હતી.

સિંહ સદન ખાતે યોજાયેલી પ્રોજેક્ટ લાયન અંતર્ગતની પહેલી મિટિંગમાં કે.રમેશ સહિતના વરિષ્ઠ વન અધિકારીશ્રીઓ, ટૂરિઝમ, ઇકૉઝૅ, ઇક્ર, રેલવે, પીજીવીસીએલ, બાયસેગ, સિવિલ એવિએશન, એગ્રીકલ્ચર, પંચાયત, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ઈરિગેશન ડિપાર્ટમેન્ટ, રેવન્યૂ ડિપાર્ટમેન્ટ સહિતના સંકળાયેલ વિભાગોના શીર્ષ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

છરીની અણીએ દુષ્કર્મ આચરનાર આરોપીનાં ઘરને પેટ્રોલ છાંટી આગ લગાડી

અમદાવાદ, મોરબી પંથકમાં ઈન્સ્ટાગ્રામના માધ્યમથી સંપર્કમાં આવેલી એક છુટાછેડા લીધેલી યુવતીના સંપર્કમાં આવેલા એક શખ્સે યુવતીનું અપહરણ કરી તેના મામાની વાડીએ લઈ જઈ છરીની અણીએ દુષ્કર્મ આચરવાની ગઈ કાલે ઘટના બનવાની સાથે જ યુવતીના સગા સંબંધીઓમાં ભારે રોષ વ્યાપી ગયો હતો આથી આ બધાએ દુષ્કર્મ આચરનારા આરોપીના ઘરે ધસી જઈ ઘર અને બહાર ઉભેલી રિક્ષાને પેટ્રોલ છાંટી સળગાવી દીધા હતા. આ ઉપરાંત ઘરના ફરનિચરને ધોકા મારી નુકસાન કર્યાની ઘટના બની હતી.

મોરબી પંથકમાં ભાઈની સાથે રહેતી યુવતીને માળિયાના નાના દહિસરા રહેતા ઈરફાનઅલી સુમરા નામના શખ્સે બાઈક પર અપહરણ કરીને વીડિયો રેકોર્ડિંગ વાયરલ કરવાની ધાકધમકી આપી માળિયાના દહીસરા ગામે એમના મામાની વાડીએ લઈ જઈ છરીની અણીએ દુષ્કર્મ આચર્યું હતું અને માર મારી છરીના છરકા કર્યા હતા. આ બનાવ બન્યા બાદ યુવતીએ અન્યના ફોનમાંથી એના ભાઈને અને પરિવારજનોને જાણ કરી હતી.

ઈશાન ડાયસ એન્ડ કેમિકલ્સ લિમિટેડ
ISHAN
રજીસ્ટર્ડ ઓફિસ : પ્લોટ નં. ૧૮, જીઆઈડીસી એસ્ટેટ, ફેઝ - ૨, વટવા, અમદાવાદ.
ટેલિ. ૦૭૯-૨૫૮૩૨૧૪૪ / ૨૫૮૦૩૧૦૩, ફેક્સ : ૦૭૯ - ૨૫૮૩૬૪૩.
E-mail : ishandyes@yahoo.com; Website : www.ishandyes.com,
CIN : L24110GJ1993PLC020737

૩જી સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર અને અર્ધ વર્ષ માટે અનઓડીટેડ સ્ટેન્ડઅલોન નાણાંકીય પરિણામોના નિવેદનનો અર્ક
તમામ રકમ રૂ. લાખી જ્યા સુધી અન્યથા જણાવેલ હોય

વિગતો	ક્વાર્ટર સમાપ્ત ૩૦.૦૯.૨૦૨૩ (અનઓડીટેડ)	ક્વાર્ટર સમાપ્ત ૩૦.૦૬.૨૦૨૩ (અનઓડીટેડ)	અર્ધ વર્ષ પૂર્ણ ૩૦.૦૯.૨૦૨૩ (અનઓડીટેડ)	અર્ધ વર્ષ પૂર્ણ ૩૦.૦૯.૨૦૨૩ (અનઓડીટેડ)
કામકાજમાંથી કુલ આવક (ચોખ્ખી)	૨૨૪૬.૯૫	૧૫૦૯.૩૯	૩૬૬૨.૦૮	૪૦૯૦.૨૨
ગાળાનો ચોખ્ખો નફો/(નો) (વેરા, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વીશી પહેલા	(૯.૦૮)	૮.૫૫	(૫૮.૮૮)	(૨૨.૮૬)
વેરા પૂર્વ ગાળાનો ચોખ્ખો નફો/(નો) (અપવાદરૂપ વીશી અને અસાધારણ વીશી પછી)	(૯.૦૮)	૮.૫૫	(૫૮.૮૮)	(૨૨.૮૬)
વેરા પૂર્વ ગાળાનો ચોખ્ખો નફો / (નો) (અપવાદરૂપ વીશી અને અસાધારણ વીશી પછી)	(૩૧.૬૦)	(૧.૬૨)	(૨૦૦.૨૩)	(૪૦.૮૧)
ગાળામાં કુલ સંકુલન આવક (ગાળાના નફો / (નો) (વેરા પછી) અને અન્ય સંકુલન આવક (વેરા પછી) (સહીત)	(૩૧.૬૦)	(૧.૬૨)	(૨૦૦.૨૩)	(૪૦.૮૧)
સમભરણાર માટે ઇક્વિટી વ્યાપાર શાવક	(૩૧.૬૦)	(૧.૬૨)	(૨૦૦.૨૩)	(૪૦.૮૧)
ઇક્વિટી શેર ઇક્વિટી (પ્રતિ શેર મહિતિક રૂ. ૧૦/- ની) ૨૦૦૬.૮૯	૫૮૪૬.૮૯	૨૦૬૬.૮૯	૫૮૪૬.૮૯	—
અનામતો (પુર્વ મુલ્યાંકીત અનામતો સિવાયની) પાછલા વર્ષના ઓડીટેડ સરવૈયામાં દર્શાવ્યા મુજબ	—	—	—	—
શેર દીઠ આવક (અસાધારણ વસ્તુઓ પહેલાં) (પ્રતિઈક્વિટ રૂ. ૧૦ ની) (સ્ટાર્ટ માટે EPS વાર્ષિક નથી)				
(એ). બેઝીક	(૦.૧૫)	(૦.૦૧)	(૧.૦૦)	(૦.૨૨)
(બી). ડાયલ્યુટેડ	(૦.૧૫)	(૦.૦૧)	(૧.૦૦)	(૦.૨૧)
શેર દીઠ આવક (અસાધારણ વસ્તુઓ પછી) (પ્રતિઈક્વિટ રૂ. ૧૦ ની) (સ્ટાર્ટ માટે EPS વાર્ષિક નથી)				
(એ). બેઝીક	(૦.૧૫)	(૦.૦૧)	(૧.૦૦)	(૦.૨૨)
(બી). ડાયલ્યુટેડ	(૦.૧૫)	(૦.૦૧)	(૧.૦૦)	(૦.૨૧)

નોંધ :-
૧. ઉપરના પરિણામો, સેબી (લિસ્ટિંગ ઓબ્લીગેશન્સ અને અન્ય ડિસ્ક્લોઝર રીક્વાયરમેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫ ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઇલ કરાયેલ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ પુરા થતાં ત્રિમાસીક ગાળાના અન-ઓડીટેડ નાણાંકીય પરિણામોની વિગતવાર માહિતીનો સાર છે. નાણાંકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જ ની વેબસાઈટ : www.bseindia.com પર અને કંપનીની વેબસાઈટ : www.ishandyes.com પર પણ ઉપલબ્ધ છે.

ઓર્ડર ઓફ બોર્ડ,
ઈશાન ડાયસ એન્ડ કેમિકલ્સ લિમિટેડ,
સહી/-,
સ્થાન : અમદાવાદ
તારીખ : ૧૦.૧૧.૨૦૨૩ શૈલાસ પી. પટેલ, પોલ-ટાઈમ ડાયરેક્ટર, ડીન : ૦૧૦૦૧૫૫૦

તેજીનો તોખાર : ૧૭ માસ બાદ અલંગ યાર્ડમાં ૧૯ શિપ લાંગર્યા

અમદાવાદ, વિશ્વ વિખ્યાત અલંગ જહાજવાડા માટે ઓક્ટોબર માસ તેજીનો તોખાર લઈને આવ્યો છે. સવા વર્ષ પછી કહીએ તો અલંગ યાર્ડમાં ભંગાવા આવતા જહાજની સંખ્યા નોંધપાત્ર જોવા મળી છે. જેના કારણે શિપબ્રેકરોએ પણ મંદીની થપાટમાંથી બહાર નીકળ્યાનો હાશકારો લીધો છે. સવા વર્ષ પછી મંદીનું ગ્રહણ હટતા દિવાળી બાદ પણ અલંગ ફરી તેની ગુમાવેલી જાહોજલાલી પાછી લાવશે તેવી આશા પણ ઉજળી બની ગઈ છે. જહાજ કટિંગ માટે એશિયાનું સૌથી મોટું સ્થાન ધરાવતા અલંગ શિપ રિસાયકલીંગ યાર્ડ પાછલા ૧૧૮ દિવસ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા મથી રહ્યું હતું. સરકારની તિજોરીમાં કરોડો રૂપિયાની રેવન્યુ ઠાલવતા અલંગ ઉદ્યોગે સવા વર્ષના સમયગાળા દરમિયાન ભૂતકાળમાં ન જોઈ હોય તેવી મંદીનો પણ સામનો કર્યો હતો. જેના પરિણામ સ્વરૂપ આખરે એપ્રિલ-૨૦૨૨ પછીના ૧૭ મહિના બાદ આખરે શિપ રિસાયકલીંગ ઉદ્યોગને તેજીનો ઓક્સિજન મળી ગયો છે. એપ્રિલ-૨૦૨૨ પછી ઓક્ટોબર-૨૦૨૩માં હાઈએસ્ટ શિપ સ્ક્રેપ થવા માટે અલંગના દરિયાકાંઠે પહોંચ્યા હતા. સવા વર્ષ પછી મંદીનું ગ્રહણ હટતા દિવાળી બાદ પણ અલંગ ફરી તેની ગુમાવેલી જાહોજલાલી પાછી લાવશે તેવી આશા પણ ઉજળી બની ગઈ છે.

ICICI Home Finance
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., આઈસીઆઈસીઆઈ એસ્પેરેન્ઝા ટાવર્સ, અંધેરી - કુર્લા રોડ, અંધેરી(ઈસ્ટ), મુંબઈ -૪૦૦૦૯૯, ભારત
શાખા ઓફિસ : ચોથો માળ, ૪૧૦, માણસરોવર વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત-૩૯૫૦૦૨.

સિક્યુરીટાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)રુલ્સ, ૨૦૦૨ના કાયદા ૮(૬)ની જોગવાઈ સાથે વાંચતા તે હેઠળ સ્થાયી મિલકતોના વેચાણ માટે ઈ-નિલામી નોટિસ બહોર જનતા તથા નીચે જણાવેલા દેવાદારો અને જામીનદારોને આપવામાં આવી છે. આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.ના સત્તાધાર અધિકારી દ્વારા ગિરો મુકેલી મિલકતોનો સાંકેતિક કબ્જો લેવામાં આવેલ છે, આ ગિરો મિલકતોની વિગતો નીચે જણાવામાં આવી છે. આ સ્થાયી ગિરોમિલકતો, જે છે જ્યાં છે, જે છે જેવી છે અને જે કંઈ પણ આધાર છે અને કોઈ પણ આધાર વગર નીચે ટેબલમાં જણાવ્યા મુજબ વેચાણ કરવામાં આવશે.

ક્રમ નં.	દેવાદારોનું/સહ દેવા - દારોનું /જામીનદારો/ કાયદાકીય વારસદારોનું નામ	જામીન મુકેલ મિલકતોની વિગતો અને જણીતા બોજા સાથે, જો હોય તો	બાકી લેણાં રકમ(રૂ)	અનામત કિંમત બાનાની થાપણ કિંમત	મિલકત નિરિક્ષણની તારીખ અને સમય	ઈ-નિલામીની તારીખ અને સમય
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧	હરીજ સોહરબ ઉલ્લાહ (દેવાદાર) સલમા (સહ દેવાદાર) બોન ખાતા નં. LHSUR0000 1354238	શોપ નં.૨૧૦૧, રાજમહલ મોલ, મિલેનિયમ પાર્ક સોસાયટી પાસે, ડિંડોલી કાપર સ્ટેશન પાસે, ડિંડોલી ખરવાસા રોડ, સુરત ૧૧૮ સુરત -૩૯૫૦૦૯	રૂ. ૯,૪૩, ૪૧૫.૦૦/- ઓક્ટોબર ૩૦, ૨૦૨૩	રૂ.૮,૪૩, ૦૦૦/- / રૂ.૯૯,૩૦૦/-	ડિસેમ્બર ૦૪, ૨૦૨૩ સવારે ૧૧-૦૦ કલાકે થી સાંજે ૩-૦૦ કલાકની વચ્ચે	ડિસેમ્બર ૩૧, ૨૦૨૩ના રોજ બપોરના ૨-૦૦ થી ૩-૦૦ કલાક

ઓનલાઈન ઈ-નિલામી આપણી ઈ-નિલામી એજન્સી ગ્લોબલ ટેક દ્વારા (URL Link-/https://BestAuctionDeal.com) ઉપર યોજવામાં આવશે.
ગીરવેદારોને આગળના વણાજ સાથે કુલ બાકી લેણાં રકમ ડિસેમ્બર ૧૮,૨૦૨૩ નાલોજ સાંજે ૫-૦૦ કલાક પહોંચાડી પહેલે કરવા માટે આખરી તક આપવામાં આવે છે, અન્યથા ઉપરોક્ત ગીરો મિલકત ઉપરોક્ત અનુબુધિ પ્રમાણે વેચાણ કરી દેવામાં આવશે.
રસ ધરાવતા ખિરદારોએ તેમની બાનાની થાપણ ફિમત (ઈએમડી)ની રકમ આરટીજીએસ / ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ડિસેમ્બર ૧૮,૨૦૨૩ના રોજ સાંજે ૪-૦૦ કલાક પહેલાં આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., ત્રીજો માળ, ૪૧૦, માઈસરોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત-૩૯૫૦૦૨. ખાતે જમા કરાવવાની રહેશે (કોલમ-ઈ જોવો). ખરા ખાન આપો કે શરત પસરતા ખિરદારે ઉપરોક્ત સમય સુધીમાં તેમની ઓફર સબમિટ કરી શકતા નથી તો ટેન્ડર દસ્તાવેજની શાર્ટ ફરેલી કોપીને ડિસેમ્બર ૧૮,૨૦૨૩ના રોજ સાંજે ૫-૦૦ કલાક પહેલાં આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., ત્રીજો માળ, ૪૧૦, માઈસરોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત-૩૯૫૦૦૨. ખાતે સબમિટ કરી શકે છે. બાનાની થાપણ ફિમત (ઈએમડી)ના ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) નોન-વણાઉઝ/ શેરાયુલ બેંકની આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.-ઓક્શન-નામનો પેયેબલ એટ સુરત તો બનાવીને જમા કરાવવાનો રહેશે. મિલકત નિરિક્ષણ કે ઈ-નિલામીના નિયમો અને શરતો કે ટેન્ડર ના સબમિશનને લગતી વધુ જાણકારી માટે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ. ના સેલ્સ અને માર્કેટિંગ ના બાબીદાર નેશ્રોન સોલ્યુશન્સ પ્રા.લિ.૧૦૨-૧૯૯૯૪૩૦૦ ઉપર સંપર્ક કરી શકો છો. સત્તાધાર અધિકારીને કોઈ જાતના કારણો આપ્યા વિના કોઈ એક કિંવા કે દરેક કિંવા બધાને નકારવાનો સંપૂર્ણ હક છે.
વિગતવાર વેચાણને લગતા નિયમો અને શરતો માટે કૃપા કરી **https://www.icicihfc.com/** ની મુલાકાત લેશો.

તારીખ : નવેમ્બર ૧૧, ૨૦૨૩
સ્થળ : સુરત
સહીં અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ

જિલ્લા કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલના અધ્યક્ષસ્થાને રખડતા ઢોર નિયંત્રણ માટે બેઠક યોજાઈ

અમદાવાદ, નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા રખડતા ઢોરોને પકડવા માટે નક્કર અને સંકલિત પગલાં લઈ વરૂણકુમાર બરનાવાલે અધિકારીઓ સાથે બેઠક યોજી રખડતા ઢોરની સમસ્યાને નિયંત્રિત કરવા માટે ચર્ચા વિચારણ કરી જરૂરી સુચનો કર્યા હતા. આ બેઠકમાં નગરપાલિકા વિસ્તારમાંથી નગરપાલિકા દ્વારા પકડવામાં આવતા ઢોરને ગૌશાળા અને પાંજરાપોળમાં રાખવામાં આવે એ બાબતે ચર્ચા કરવા માટે સંચાલકો સાથે ટુંક જ સમયમાં બેઠક યોજવા માટે કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું. તેમજ નિયમિત રીતે ઢોર પકડવાની કામગીરી સુચારૂ રીતે થાય એ માટે યોગ્ય અસરકારક કાર્ય કરવા માટે નિર્દેશો આપવામાં આવેલ છે. જે સંદર્ભે બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી પગલાં લેવા જણાવ્યું હતું. પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણાએ દરેક નગરપાલિકા પ્રમાણે અલગ જગ્યા સુનિશ્ચિત કરી ઢોરને રાખવા માટે સુચન કર્યુ હતું તેમજ નિર્દોષ લોકો રખડતા ઢોરનો ભોગ ન બને એની તકેદારી પશુપાલક અને જવાબદાર વિભાગને જણાવ્યું હતું અન્યથા કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે એમ કહ્યું હતું. વિવિધ નગરપાલિકા વિસ્તારમાંથી પકડવામાં આવતા રખડતા ઢોરને પકડીને ગૌશાળા કે પાંજરાપોળમાં રાખવામાં આવે એવી વ્યવસ્થા નક્કી કરવા માટે અને આ સમસ્યા ગંભીર હોઈ સત્વરે યોગ્ય પગલાં લેવા ચર્ચા કરવામાં આવી હતી.

પાટણ બ્રહ્માકુમારી સેન્ટર ખાતે બ્રહ્માકુમારી રચના દીદીનો અલૌકિક સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો

"બાળપણથી સફેદ કલર પ્રત્યે આકર્ષણ હોઈ પરમપિતા પરમાત્માને સમર્પિત બની આનંદની અનુભૂતિ કરૂ છું." -રચના દીદી

અમદાવાદ,

પાટણ-ઊંઝા હાઈવે પર આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વર વિદ્યાલયના નવનિર્મિત ભવ્ય નવીન ખાતે પાટણ સેવાકેન્દ્ર થી આધ્યાત્મિક જીવનનો પ્રારંભ કરનાર, હાલ રાજસ્થાનના ભીલવાડા સેવાકેન્દ્ર પાર છેલ્લા ૨૮ વર્ષથી પોતાની અમૂલ્ય સેવાઓ આપી રહેલ બ્રહ્માકુમારી રચના દીદી નો અલૌકિક સન્માન સમારોહ કાર્યક્રમ બ્રહ્માકુમારીઝ, પાટણના સંચાલિકા નીલમ દીદીના અધ્યક્ષ પદે આયોજિત કરવામાં આવ્યો.



આ અલૌકિક સન્માન સમારોહ પૂર્વે શહેરના ખોડાળા હોલ ખાતે થી શણગારેલી બગીમાં પ. પૂ. નિલમદીદી સાથે રચના દીદીએ બીરાજમાન બની ભક્તિ સંગીત ના સુમધુર સુરો વચ્ચે વિશાળ સંખ્યામાં લૌકિક પરિવારજનો એ નાચતા કુદતા પરમ પિતા પરમાત્મા ની યાદમાં પ્રસ્થાન કરી બ્રહ્માકુમારી સેન્ટર ખાતે આવી પહોંચતા તેઓનું પુષ્પવૃષ્ટિ સાથે સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રચના દીદી માટે આયોજિત કરવામાં આવેલ અલૌકિક સન્માન સમારોહ યોજવામા આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા પ.પૂ. નીલમદીદી, રાજસ્થાન ભીલવાડા સેન્ટરના પ. પૂ. બીકે. ઈન્દિરાબેન, ડો.વાય.ટી. પટેલ સહિત રચના દીદી ના લૌકિક પરિવારજનો એ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પરમ પિતા પરમાત્મા ને સમર્પિત બનેલા રચના દીદી ને શુભેચ્છાઓ પાઠવી હતી. છેલ્લા ૨૮ વર્ષથી બ્રહ્માકુમારી પરિવાર સાથે જોડાયેલા અને શિવ પરમાત્માને સમર્પિત બનેલ રચના દીદી એ નાનપણથી જ પોતાને સફેદ કલરથી આકર્ષણ હોવાનું જણાવી પોતાનું જીવન પરમાત્માને સમર્પિત કરી અલૌકિક આનંદની અનુભૂતિ અનુભવતા હોવાનું જણાવ્યું હતું.

દિવાળીની રજાઓના દિવસોમાં ડોક્ટર્સ ઓન કોલ સેવા

અમદાવાદ : આપણે સહુ જાણીએ છીએ કે દિવાળી ના તહેવારમાં ઘણીવાર મેડિકલ સારવાર મેળવવામાં પ્રજાને તકલીફ પડેછે. દર વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદ મેડિકલ એસોસિએશન અને અમદાવાદ કે મીલી ફીઝીશીયન એસોશીએશન અમદાવાદ ના લોકો માટે દિવાળીની રજાઓના દિવસોમાં ઈમરજન્સી મેડિકલ સર્વિસનની વ્યવસ્થા કરવા ઝઈ રહ્યું છે.

ડોક્ટર્સ ઓન કોલ : આ અભિયાન માં અમદાવાદ ના અલગ અલગ ક્ષેત્રોના ૫૦ જેટલા ડોક્ટર્સ સ્વૈચ્છિક સેવાઓ આપશે, આ ડોક્ટર્સની ની સેવાઓ વેબસાઈટ, ફેસબુક પેજ તથા અન્ય સ્પેશિયલ મીડિયા પર ઉપલબ્ધ રહેશે. ૧૧ નવેમ્બર, ૧૫ નવેમ્બર સુધી આ સેવાઓ મળી રહેશે.

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન
સિગ્નલ અને ટેલીકોમ્યુનિકેશન વિભાગ"ઈ"-ટેન્ડર નોટીસ - સિગ્નલીંગ કામ

ટેન્ડર નોટીસ નં. S&T/BRC/23-24/27/SIG તારીખ : 07.11.2023. ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે સિનિ. DSTE/વડોદરા ટેન્ડર નં. SandT_BRC_ 23-24_20_SIG. માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. બીડર્સ માત્ર બંધ થવાની તારીખ અને સમય સુધીજ તેમના અસલ/સુધારેલ બીડ્સ મોકલી શકશે. આ ટેન્ડર માટે લેસ્ટબિલિત ઓર્ડર સ્વીકારશે નહીં અને આવી કોઈ ઓફર પર ધ્યાન આપવામાં આવશે નહીં. **(1) કામનું નામ તેના સ્થળ સાથે:** વડોદરા-ગેરતપુર વિભાગના એલસી 253,262,266, 288 અને 297 પર રોડ અન્ડર ક્રિજની જોગવાઈ દ્વારા વડોદરા-ગેરતપુરના લેવલ ક્રોસિંગના 5 નંગ નાબુદ કરવાના કામના સંબંધમાં સિગ્નલિંગનું કામ. **(2) કામની અંદાજીત પત્ત રૂપ: ₹** 47,12,014.32 **(3) જમા કરાવવાની અનેસ્ટ મની : ₹** 94,300.00 **(4) ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** 04.12.2023 @ 15.00 કલાક અને 04.12.2023 @ 15.30 કલાક. **(5) વેબસાઈટની વિગત અને નોટીસનું સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો વગરે જોઈ શકાશે: http://www.ireps.gov.in** સીનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયર, બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડીઆરએમ ઓફિસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390004 **220**
અમને ગમે છો? facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન
સિગ્નલ અને ટેલીકોમ્યુનિકેશન વિભાગ"ઈ"-ટેન્ડર નોટીસ - સપ્લાય, ઈન્સ્ટોલેશન, અલ્ટરેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ વર્ક

ટેન્ડર નોટીસ નં. S&T/BRC/23-24/26/SIG તારીખ : 06.11.2023. ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે સિનિ. DSTE/વડોદરા ટેન્ડર નં. SandT_BRC_ 23-24_26_SIG. માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. બીડર્સ માત્ર બંધ થવાની તારીખ અને સમય સુધીજ તેમના અસલ/સુધારેલ બીડ્સ મોકલી શકશે. આ ટેન્ડર માટે લેસ્ટબિલિત ઓર્ડર સ્વીકારશે નહીં અને આવી કોઈ ઓફર પર ધ્યાન આપવામાં આવશે નહીં. **(1) કામનું નામ તેના સ્થળ સાથે:** અલસી 1, 2 અને 19 એક પીઓઝટીમન-ડીબી સેલના કામના સંબંધમાં આપૂર્તિ, સ્થાપના, ઉમેવામા ફેસેઝ, આલ્ટર્નો ફ્રુ પાઈન અલસી ગેટ કાઢવાનો અને (2) ડ્રમોઈ સ્ટેશનથી શરૂવાત વાળા પ્રસ્તાવિત પીએનએ સાઈડિંગના સંકળમાં કમિશનિંગ. **(2) કામની અંદાજત પત્તરૂ: ₹** 1,43,52,000.88 **(3) જમા કરાવવાની અનેસ્ટ મની : ₹** 2,21,800.00 **(4) ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** 30.11.2023 @ 15.00 કલાક અને 30.11.2023 @ 15.30 કલાક. **(5) વેબસાઈટની વિગત અને નોટીસનું સ્થળ જ